## મંતવ્ય

# શ્રી સાધુ ભગવંતો ખરેખર સમાધાન ઈચ્છે છે કે ... ?

કોઈપણ કાળે સારા સમાજના ઘડતરનું કામ હંમેશા ધર્માચાર્યો થકી થતું હોય છે. માટે એમ કહેવાય કે ધર્માચાર્યોની ઓળખ જોઈતી હોય તો સમાજની સ્થિતી જોઈને ધર્માચાર્યોની ઓળખ થાય. સારા (ગુણવાન) ધર્માચાર્યો સમાજમાં સંસ્કારનું સિંચન કરે છે અને એ સમાજ સારા અને શ્રેષ્ઠ ભાવી ધર્માચાર્યો ત્યાગી સંપ્રદાયને આપે છે. આજ પરંપરાએ સારા ધર્માચાર્યો અને સારા સમાજનું કારણ બને છે.

આજના જૈન સંપ્રદાયની સ્થિતી કેવી ? તિથીનો વિવાદ અને અંગપૂજનનો સંઘર્ષ ક્યાં જઈને અટકશે?

બંને પક્ષના શ્રી આચાર્ય ભગવંતો સમાધાનની વાતો કરે છે, પણ ખરેખર અંત:કરણથી સમાધાન ઈચ્છે છે કે મોઢાની વાતો કરે છે તેનું અવલોકન શ્રી આચાર્ય ભગવંતો અંતરના ઉંડાણમાં જઈને કરે.

**''સાધુપણું હિંસાથી બચવા માટે કે હિંસાત્મક ભાવમાં રાચવા માટે''**

શ્રી સાધુ ભગવંતો ખરેખર અહિંસક રીતે સમાધાન ઈચ્છતા હોય તો **સાધુ ભગવંતો ઉપવાસ ઉપર ઉતરે અથવા મુંબઈમાં મૌનપણું ધારણ** કરે તો શ્રાવકોએ સમાધાન કરવું જ પડે, અને જે પક્ષ ઉપવાસ કે મૌનપણામાં ન જાય તો શ્રાવકો સમજી જાય કે કયો પક્ષ સમાધાન ઈચ્છતો નથી.

**''કર્યું - કારવ્યું અને અનુમોદ્યું.''**

**તિથી :** જે દિવસ ધર્મમય જાય તે તિથી. ''તિથી પાળવા માટે કે લાદવા માટે''. શ્રાવકોએ તિથી પાળવાનું પુણ્ય મેળવવું કે તિથી નિમીત્તે બાઝીને પાપ મેળવવું.

**અંગપૂજન :** કરૂણા દ્રષ્ટિથી ઉત્કૃષ્ટ આદરભાવે કરાવનાર અને કરનાર, આદરભાવે કરે કે આગ્રહભાવથી કરાવે (જડતાથી).

**તિથી અને અંગપૂજનનો મતમંતાતર હોય તો ઉગ્રપણે હિંસકભાવથી નિષેધ હોય કે અહિંસક રીતે નમ્ર વિરોધ હોય?**

શ્રી મહાવીર સ્વામી ભગવાનનો સાધુ ભગવંતો માટે જીવનબોધ :

**જે સ્થળે અપ્રિયપણું વર્તાય ત્યાં રહેવું નહીં.**

**જે જીવોને અપ્રિય લાગે તે જીવો સાથે રહેવું નહીં.**

**જ્યાં પણ રહેવું ત્યાં સારી રીતે રહેવું અને સાચું બોલવું, સારૂં બોલવું અને સૌને ગમે તેવું બોલવું (સ્યાદવાદ દ્રષ્ટિ અને વાણી)**

અન્ય ધર્મીઓથી સ્વધર્મને બચાવવો એ ધર્મ રક્ષા કહેવાય.

**''સ્વધર્મીઓથી સ્વધર્મને બચાવવો પડે તો સંપ્રદાયની સ્થિતી કેવી કહેવાય ?''**

લી. કર્મવીર